૭

ફોજદારી કેસ નંબર:- ૧૧૪૦૮ વર્ષ:-૨૦૧૮

**આંક-૦૧ અન્વયે હુકમ**

(૧) ફરીયાદીને સાંભળ્યા,પુરસીસ તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતા જણાઈ આવે છે કે, આ કામે સમન્સ/નોટીસ પક્ષકારોને કાઢતા ફરીયાદી/ભોગ બનનારનાઓ અત્રેની અદાલત સમક્ષ હાજર છે. ફરીયાદી/ભોગ બનનારે હાજર થઈને આ કેસ આગળ ચલાવવા માંગતા ન હોવાની પુરસીસ રજુ કરેલ છે તેઓ કોઈ પુરાવો આપવા માંગતા નથી. તેઓએ આરોપી વિરૂદ્ધનો ગુનો દર ગુજર (કમ્પાઊન્ડ) કરેલ છે અને સદર કેસ આગળ ચલાવવા માંગતા નથી. ફરીયાદી/ભોગ બનનારને તેઓએ આપેલ પુરસીસ વાંચી સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે.

(૨) ઉપરોક્ત બાબતે આ અદાલતે એ નિર્ણય કરવાનો છે કે, આરોપીને કેસનો સમન્સ બજેલ ન હોઈ, આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ ન હોય અને ફરીયાદી/ભોગ બનનારે આપેલ પુરસીસમાં આરોપીની સહી ન હોય તો પણ આ અદાલત આરોપી વિરૂદ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કંમ્પાઊન્ડ કરી શકે કે કેમ? અદાલતના ધ્યાન ઉપર નીચેની ઓથોરીટી આવેલ છે.

૧. *વાય.પી.બૈજુ વિ.સ્ટેટ ઓફ કેરાલા.૨૦૦૮ ક્રિ.લો.જ.પાન નંબર:૯૨૮.*

૨. *યેસુદાસ એન્ડ અધર્સ વિ.પી.એસ.આઈ.કલ્લામેસરી એન્ડ અધર્સ ૨૦૦૮ ક્રિ.લો.જ.પાન નંબર:૧૨૯૦.*

(૩) ઉપરોક્ત ચુકાદામાં નામદાર કેરાલા હાઈકોર્ટે નીચે મુજબ હેલ્ડ કરેલ છે.

એ. ક્રિ.પ્રો.કોડની કલમ:૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય પ્રક્રિયા છે,દ્વીપક્ષીય ક્રિયા નથી.

બી. ક્રિ.પ્રો.કોડની કલમ:૩૨૦(૧) અને ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનની અરજી સદર કલમના કોઠાની કોલમ નં.૩ માં જણાવ્યા મુજબ ભોગ બનનાર વ્યકિત માત્રની સહીથી થઈ શકે.

સી. કોમ્પોઝીશનની અરજી ફરીયાદી/ભોગ બનનાર તથા આરોપીની સંયુક્ત સહીથી આપવા માટે અદાલત ફરજ પાડી શકે નહી.

ડી. ક્રિ.પ્રો.કોડની કલમ:૩૨૦ મુજબની કોમ્પોઝીશનની અરજી ધ્યાને લેતા અદાલત આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.

Scanned with CamScanner

ई. क्रि.प्रो.कोडनी कलमः३२० मां गुनो कम्पाउन्ड करवानी क्रिया ...
गुनानुं संज्ञान ले ते पहेला ईन्वेस्टीगेशनना स्टेजे पण थई शके.

(४) आम, ઊપરોક્ત ચુકાદાઓમાં ઠરાવેલા સિદ્ધાંત ધ્યાને લીધા.સદર સિદ્ધાંત મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ:૩૨૦ મુજબ ગુનો દર ગુજર માફ (કમ્પાઊન્ડ) કરવા માટેની માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની અદાલત સમક્ષ હાજરી પણ ફરજીયાત નથી.જો કે હાલના કેસમાં ફરીયાદીએ સમાધાન પુરસીસ રજુ કરેલ છે જેથી હાલની પુરસીસ સ્વિકારવાને પાત્ર છે. ફરીયાદીની હકીકત ધ્યાને લેતા જો પુરસીસ ગ્રાહ્ય રાખી કેસ ફેંસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના હિતને નુંકસાન થતુ હોય તેમ જણાતુ નથી.વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહ્ય રાખવામાં આવશે તે રીતે ફરજ પાડવામાં આવે તો પણ કેસના પરિણામમાં કોઈ ફરક પડશે નહી. ફરીયાદી/ભોગ બનનારે સ્વૈચ્છીક રીતે કંમ્પાઊન્ડ માટેની અરજી આપેલ હોઈ આરોપી હાજર નથી તે જ કારણોસર ફરીયાદી/ભોગબનનારની પુરસીસ ગ્રાહ્ય ન રાખવાથી અર્થહીન કાર્યવાહી થશે અને ફરીયાદી/ભોગ બનનારને અદાલત ફરી આવવાનું થશે તેમજ સરકારી નાણાંનો વ્યય થશે.

(૫) આમ ઊપરોક્ત તમામ ચર્ચાને ધ્યાનમાં લઈ ફરીયાદી/ભોગ બનનારની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

૧. આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ ૩૨૦(૧)(૨),(૮) અન્વયે ચાર્જશીટમાં જણાવેલ ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરેલ મુદ્દામાલ અંગે અગાઊ કરેલ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે, અન્યથા કબજે કરેલ મુદ્દામાલ અનુસંધાને ક્રિમીનલ મેન્યુઅલ મુજબ કાર્યવાહી કરવી.

૩. આરોપીના જામીન અપીલ સમય વિત્યેથી રદ્દ ગણવા.

હુકમ આજરોજ તારીખ–૧૨મી માહે–માર્ચ સને–૨૦૨૨ ના રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગની અંદર જાહેર કરવામાં આવેલ છે.

તારીખ:–૧૨/૦૩/૨૦૨૨
સ્થળ :–અમદાવાદ.

(દિલીપસિંહ બી.ગોહીલ)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજી
કોર્ટ નંબર– ૧૯, અમદાવા

Scanned with CamScanner